# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦


**તા.૨૪/૦૨/૨૦૨૫ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ**
**આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ-** **સમાચાર યાદી નં.૨૯૨/૨૦૨૫**

ઓઢવ પો.સ્ટે. ગુ.ર.નં.૧૯૮/૨૦૦૬ ઈપીકો કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબ તથા સેશન્સ કેસ નં.૧૫૭/૨૦૨૪ મુજબ ગુનાના કામે આરોપી પારસ ચનારામ યાદવ (રહે. લીલાબેન રબારીની ચાલી મકાન નંબર-૯૦ રબારી કોલોની ઓઢવ અમદાવાદ, મુળ વતન. હુસૈનગઢ માર્કેટ શિવાન જી-શિવાન બિહાર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા-ફરતા હોય નામદાર જજ શ્રી ડી.એ.વોરા સાહેબ, અધિક સત્ર ન્યાયાધીશ કોર્ટ નં.૦૫ સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૧/૦૩/૨૦૨૫ ના રોજ તથા તે પહેલા હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૯૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૭૨ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૦૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૧,૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૯૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૯૫/૨૦૨૫**

**પાલડીઃ** મોહીબ સ/ઓ નોમનભાઇ ખેરીચા (ઉવ.૭૩) (રહે.સરીતા કુંજ સોસાયટી, પી.ટી.કોલેજ રોડ પાલડી) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મોહીબ ખેરીચાના ઘરે ઘરકામ કરતા મહેન્દ્ર મીણા (મુળ વતન. પાલ સરાડા ઉદેપુર રાજસ્થાન) તા.૨૨/૦૨/૨૦૨૫ બપોરના ૩/૦૦ થી તા.૨૩/૦૨/૨૦૨૫ સાંજના ૬/૨૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઘરમાંથી ઓમેગાની ઘડીયાળ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/-, રોલેક્સ ઘડીયાળ કિમત રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- તથા ડાયમંડનું પેન્ડલ કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૪,૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨૬,૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ ઇ.પો.ઇ.શ્રી કે.એમ.ભુવા ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** વિપુલભાઇ પુરૂષોત્તમભાઇ પટેલ (રહે. નંદનવન બંગ્લો ઝાયડસ હોસ્પિટલ થલતેજ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૨/૨૦૨૫ કલાક ૧૦/૦૦ થી કલાક ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન વસ્ત્રાપુર પકવાન પ્રાઇડ પ્લાઝા હોટેલના ઇમ્પીરીયલ હોલમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા તથા મોબાઇલ ફોન નંગ-૨ મળી કુલ રૂપિયા ૪,૮૯,૧૬૧/- મતા અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એલ પટેલ ચલાવે છે.

**છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૨૯૬/૨૦૨૫**

**નિકોલઃ** પ્રવિણભાઇ મનસુખભાઇ વોરા (રહે. હેરીટેઝ હાઇટસ અમરજવાન સર્કલ પાસે નિકોલ) એ તા.૨૩/૦૨/૨૦૨૫ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે એકાઉન્ટન્ટ તરીકે કામ કરતા હોય તેમજ સરકારી કોન્ટ્રાક્ટમાં ભાગીદારી કરી ધંધો કરતા હોય પ્રવિણભાઇ વોરાનાઓને સરકારી કોન્ટ્રાક્ટમાં નાણાં ભરવાના હોય બેન્ક એન્ટ્રીની જરૂરીયાત હોય ઓળખીતા વેપારી મિત્રોમાંથી કોઇએ બેન્ક એન્ટ્રી માટે રૂદ્રભાઇ શાહ નાઓનો સંપર્ક કરવા જણાવતા પ્રવિણભાઇ વોરાએ રૂદ્રભાઇ શાહ નાઓનો મોબાઈલ ફોન ઉપર સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે તમારા બેન્ક ખાતાની એંટ્રીઓ તમને આપીશું પણ તેની અવેજમાં તમારે આંગડીયા પેઢીમાં પૈસા જમા કરાવવા પડશે અને પૈસા જમા થાય એટલે ટોકન આપે તે ટોકન અમને આપવો પડશે તેમજ શ્રી સીધ્ધી એન્ટરપ્રાઇઝ આંગડીયા આશ્રમ રોડ ખાતે રમેશભાઇ રેવનદાસ પંચાલનો સંપર્ક કરવા જણાવેલ. જેથી રમેશભાઇ પંચાલનો સંપર્ક કરતા તેઓએ રહેઠાંણ પુછતા પ્રવિણભાઇ વોરાએ નિકોલ ખાતે રહેતા હોવાનું જણાવતા તેઓએ જણાવેલ કે તા.૦૨/૧૨/૨૦૨૩ ના રોજ નિકોલ બાજું આવવાનું છે તો ત્યાથી પૈસા મેળવી લઈશું તેમ કહેતા બિજા દિવસે તા.૦૨/૧૨/૨૦૨૩ બપોરના ૧૨/૧૫ વાગે નિકોલ ખોડીયાર મંદીર સામે નિકોલ ગામના ગેટ પાસે પ્રવિણભાઇ વોરા પાસેથી રમેશભાઇ પંચાલ એ એક કરોડ રૂપિયા મેળવી લીધા હતા અને જે નાણાં મળ્યા તે બદલ વિશ્વાસ કેળવવા સારૂ ટોકન પેટે રૂપિયા ૧૦ ની ચલણી નોટ આપી હતી તે નોટ વોટ્સએપ મારફતે રૂદ્રભાઇ શાહ નાઓને મોકલી આપી હતી, ત્યારબાદ જણાવેલ કે બેંકમાં આર.ટી.જી.એસ. મારફતે યુ.પી.ખાતે બેંક ખાતામાં મોકલી આપીશું, પરંતું બિજા દિવસે પૈસા બેન્ક ખાતામાં જમાં નહી થતા સંપર્ક કરતા ફોન બંધ આવતા હોય શ્રી સીધ્ધી એન્ટરપ્રાઇઝ આંગડીયા આશ્રમ રોડ ખાતેના આપેલ સરનામે જઈ તપાસ કરતા પેઢીની ઓફીસ બંધ થઈ ગયેલાનું જાણવા મળેલ હતું. જે સમયગાળા દરમ્યાન રમેશભાઇ પંચાલનાઓનો ફોન આવેલ અને પૈસા સેફ હોવાનું અને પૈસા પરત આપવાની વાત કરી હતી. બિજા દિવસે રમેશભાઇ પંચાલના માણસનો ફોન આવેલ અને વાડજ ખાતે મળવા માટે બોલાવેલ જ્યાં રૂપિયા ૧૫,૦૦,૦૦૦/– આપેલ અને અલગ–અલગ જગ્યાએ જવાનું કહેતા અલગ–અલગ જગ્યાએ રિક્ષામાં મુસાફરી કરી હતી, અને રમેશભાઇ પંચાલ અને પ્રવિણભાઇ વોરાને થોડા દિવસ માટે અમદાવાદ શહેર વિસ્તાર છોડી દેવાનું જણાવતા બીજા દિવસે રમેશભાઇ પંચાલ અને પ્રવિણભાઇ વોરા બન્ને મુંબઈ જવા નિકળ્યા હતા ત્યારે વાપી પહોચતા મોહંમદઈરફાન મોહંમદહનીફ શેખ ઉર્ફે રાજુભાઇ નાઓનો ફોન આવેલ અને જણાવેલ કે અહી રોકાઈ જાઓ હું કહું નહી ત્યા સુધી ક્યાંય જવાનું નથી તેમ કહેતા બન્ને ત્યાં હોટલમાં રોકાયા હતા અને મોહંમદઈરફાન મોહંમદહનીફ પણ ત્યાં આવેલ અને કહેલ કે તમે જતા રહેશો તો તકલીફ થશે,પરંતું પ્રવિણભાઇ વોરા યેનકેન ત્યાથી નિકળી અમદાવાદ આવી ગયા હતા. આમ ચાર આરોપીઓએ ભેગા મળી રૂપિયા એક કરોડ મેળવી લઈ તે પૈકી રૂપિયા ૧૫,૦૦,૦૦૦/– પરત આપી બાકીના રૂપિયા ૮૫,૦૦,૦૦૦/– આજદીન સુધી પરત નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.જે.શેખવા ચલાવે છે.

**ત્યજી દિધેલ મૃત ભૃણ મળી આવવા બાબતઃ–** **સમાચાર યાદી નં.૨૯૭/૨૦૨૫**

**વસ્ત્રાપુરઃ** તા.૨૩/૦૨/૨૦૨૫ કલાક ૩/૧૫ વાગ્યા પહેલા વસ્ત્રાપુર સોલા બ્રિજ પાસે આવેલ ગોપાલ સુર્ય કોમ્પલેક્ષના ફુટપાથ ઉપરથી ત્યજી દિધેલ મૃત ભૃણ મળી આવતા વસ્ત્રાપુર પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એલ.પટેલ ચલાવે છે.

**અપમૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૨૯૮/૨૦૨૫**

**ઓઢવઃ** અસલાલી ખાતે રહેતા લાલુ સ/ઓ હોમા ડામોર (ઉ.વ.૪૦) (મુળ વતન. ગામ–છીયાખુંટા તા–સજજનગઢ જી–બાંસવાડા રાજસ્થાન) તા.૨૩/૦૨/૨૦૨૫ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ મનમોહન પાર્ક ચાર રસ્તા પાસે આવેલ કિંગસ્ટૉન બિલ્ડીંગ પાસે બનતી ડીમાર્ટની સાઇટ ખાતે દિવાલની બાજુમાં ખાડામાં પથ્થર લગાવતા હતા ત્યારે અચાનક ઉપરથી માટીની ભેખડ ધસી પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સીંગરવા સરકારી હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.ખરાડી ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૨૯૯/૨૦૨૫**

**એરપોર્ટઃ** કિશનભાઇ મોહનદાસ વરીયાણી (ઉ.વ.૩૫) (રહે.ભીલવાસ સરદારનગર) એ તા.૨૨/૦૨/૨૦૨૫ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે જમવા બનાવવા બાબતે તેમની પત્ની સાથે બોલા–ચાલી કરી આવેશમાં આવી પોતાની જાતે પોતાના પેટમાં ચાકુ મારી દીધું હતું. જેથી સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૩/૦૨/૨૦૨૫ રાતના કલાક ૨/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.મકવાણા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી